**શ્રી ભાગ્યેશ વાસુદેવ ભટ્ટ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ સમક્ષ.**
**રેફરન્સ (આઈ.ટી.) નં.૧૭૧/૨૦૧૮**

મ્યુનિ. કમિશનરશ્રી,
અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન,
સરદાર પટેલ ભવન,
દાણાપીઠ, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરુધ્ધ

મંત્રીશ્રી,
મેનહોલ કામદાર યુનીયન,
ભારતનગર, ગીતા મંદીર રોડ,
અમદાવાદ. બીજા પક્ષકાર

ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળનો વિવાદ.

**ચુ કા દો**

**૧.** ઉપરોકત પક્ષકારો વચ્ચેનો હાલનો રેફરન્સ ઉપસચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તારીખ: ૧–૧૦–૨૦૧૮ ના હુકમ ક્રમાંક: કેએચઆર–૨૦૧૮–૨૩૧–આઈડીએ–૧૦–૨૦૧૮–૫૦૬૧૧૧–મ(૨) ધ્વારા હુકમની અનુસૂચિ મુજબની ઔધોગિક તકરાર અત્રેના ઔધોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે. સદર વિવાદની અનુસૂચિ નીચે મુજબ છે.

**અનુસૂચિ**

**પ રિ શિ ષ્ટ – અ આઈ.ડી.સી.–૧૦/૧૮**

**(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામ કરતા કર્મચારીઓ (કાયમી કર્મચારી) કે જેઓ રહેમરાહે (વારસદાર તરીકે આપવામાં આવતી નોકરી) તથા અનફીટ થવાના પ્રસંગે આપવામાં આવતી નોકરીના લાભો**

**આપવા કે કેમ ?**

**(૨) રોજમદાર કામદારો પાંચ વર્ષ નવસો દિવસ ભરેલા હોવાથી તા. ૧૫–૮–૨૦૦૪ માં કાયમી કરેલા છે તેવા કર્મચારીઓની સીનીયોરીટી નોકરીમાં દાખલ થયા તારીખથી ગણતરીમાં લઈને બઢતી આપવી કે કેમ ?**

**(૩) કર્મચારીઓ જેઓને તા.૧૫–૮–૨૦૦૪ ના રોજ કાયમી કરેલા છે તેવા કાયમી કામદારોની સીનીયોરીટી નોકરીમાં દાખલ થયા તારીખથી ગણતરીમાં લઈને બઢતી આપવી કે કેમ ?**

**(૪) ઈજનેર વિભાગના કાયમી કર્મચારીઓને મકાન આવાસ ફાળવવું કે કેમ ?**

**(૫) કાયમી કર્મચારીઓને રાજય સરકારના ધોરણે ઉચ્ચતર પગાર ધોરણ ૯/૧૮/૨૭ નો લાભ આપવા કે કેમ ?**

**અસરકર્તા શ્રમયોગીઓનું લીસ્ટ**

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | વાઘેલા પ્રકાશભાઈ પિતાંબરભાઈ |
| ૨ | મણીબેન ઉકાભાઈ સોલંકી |
| ૩ | કાનજીભાઈ મગનભાઈ પરમાર |
| ૪ | હરીશભાઈ માવજીભાઈ સોલંકી |
| ૫ | જયંતીભાઈ ધનજીભાઈ સોલંકી |
| ૬ | જયંતીભાઈ માવજીભાઈ સોલંકી |
| ૭ | મણીલાલ ખીમજીભાઈ મકવાણા |
| ૮ | વિનોદ છગનભાઈ કાંટીયા |

**૨.** આ રેફરન્સના કામે બીજા પક્ષકાર યુનીયનને પૂરતી તકો આપવા છતાં તેઓએ માગણીઓ સંબંધમાં કોઈ માગણાનું નિવેદન રજુ કરેલ નથી, જેથી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૮ ની અરજી આપી તા.૧૧–૨–૨૦૨૦ સુધી યુનીયન

તરફે માગણાનું નિવેદન રજુ ન કરતાં તેમનો હકક બંધ થયેલ હોઈ, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે જવાબ રજુ કરવાનો રહેતો નથી તેમ જાહેર કરેલ છે, જે અરજી ન્યાયપંચ તરફથી રેકોર્ડેડ કરવામાં આવેલ છે. વધુમાં, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૯ની અરજી આપીને બીજા પક્ષકાર કામદારો તરફે તેમની માગણીઓના સમર્થનમાં છેલ્લી ઘણી મુદતોથી મૌખિક પુરાવા રજુ કરતા ન હોઈ તેમનો મૌખીક પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવા વિનંતી કરી છે. સંસ્થાની સદર અરજી ન્યાયપંચે ગ્રાહય રાખેલ છે. ત્યાર બાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૧૦ ની અરજી આપી કામદારો તરફે મૌખિક પુરાવાનો હકક બંધ થયેલ હોઈ સંસ્થા તરફે હવે કોઈ મૌખીક પુરાવા લેવાના રહેતા નથી તેમ જાહેર કરેલ છે, જે ન્યાયપંચ તરફથી રેકોર્ડ પર લીધેલ છે. વધુમાં, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૧૧ની અરજી આપી બીજા પક્ષકાર યુનીયન તરફે કોઈ હાજર રહેતા ન હોઈ તેઓ તરફે દલીલો રજુ કરવાનો હકક બંધ કરી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે દલીલો સાંભળી સદર કેસ હુકમ પર મુકવા વિનંતી કરી છે. સંસ્થાની સદર પુરસીસની વિગતે ન્યાયપંચે વિનંતી ગ્રાહય રાખી બીજા પક્ષકાર તરફે ગેરહાજર રહેતા હોઈ દલીલોનો હકક બંધ કરી સંસ્થાની મૌખીક દલીલો સાંભળી આ કામ હુકમ પર મૂકવામાં આવેલ છે.

૩. કેસનું રેકર્ડ જોતાં ઉપરોકત વિવાદ સને ૨૦૧૮ની સાલનો એટલે કે ત્રણ વરસ જુનો છે તથા બીજા પક્ષકારે પુરતી તકો આપવા છતાં તેઓના ધ્વારા તેમની માગણીઓનું વ્યાજબીપણું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આઈ.ડી.એકટ, ૧૯૪૭ ની જોગવાઈઓ તથા તેની નીચે બનાવવામાં આવેલા નિયમોને ઘ્યાન પર લેતાં યુનીયન તે સંસ્થામાં કામ કરતા કામદારો બાબતે ઔધોગિક તકરાર ઉભી કરી શકે છે અને હાથ ઉપરની તકરાર યુનીયન ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ છે અને તેઓની એ ફરજ થઈ પડે કે તેઓએ આ માગણીઓના અનુસંધાને તેનું વ્યાજબીપણું તે પુરવાર કરવું જોઈએ, જે પુરવાર કરવામાં બીજા પક્ષકાર યુનીયન નિષ્ફળ નિવડેલ છે. વધુમાં ઔધોગિક વિવાદ ધારાની કલમ ૧૫ ને ઘ્યાન પર લેતાં, જયારે સમુચિત સરકાર ધ્વારા ઔધોગિક તકરાર ઔધોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય

માટે મોકલવામાં આવેલ હોય ત્યારે ન્યાયપંચે બનતી ત્વરાએ પોતાની કાર્યવાહી કરી તથા તકરાર હુકમમાં દર્શાવેલ મુદતમાં કે કલમ ૧૦ ની પેટા કલમ ૨ ના બીજા પરંતુકમાં લંબાવેલ વધુ મુદતની અંદર તેઓનો ચુકાદો સમુચિત સરકારને રજુ કરવા માટે જણાવેલ છે અને તે જોગવાઈ પણ ન્યાયપંચ ધ્વારા ધ્યાન પર લેવામાં આવેલ છે અને તેને ધ્યાન પર લેતાં પણ બીજા પક્ષકારનો રેફરન્સ ગ્રાહય રાખવાને પાત્ર થતો નથી. વધુમાં, મારા ધ્વારા આઈ.ડી.એકટની કલમ ૭, ૧૦, ૧૫ તથા શીડયુલ ૨ અને ૩ ને સંયુકત રીતે ધ્યાન પર લેવામાં આવે તો, એક વખત સમુચિત સરકાર ધ્વારા ઔધોગિક તકરાર ન્યાય નિર્ણય અર્થે ન્યાયપંચને સુપરત કરવામાં આવેલ હોય તેવા સમયે ન્યાયપંચે તેઓનો ચુકાદો સમુચિત સરકારને સાદર કરવો જરૂરી થઈ પડે અને ન્યાયપંચ તે પુરાવાને અભાવે કેસને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી શકતી નથી. આ બાબતે સત્યેન્દ્રસીંહ ગુર્જર વિ. બેન્ક ઓફ ઈન્ડીયા કે જે ચુકાદો ૨૦૧૧(૨) એલ.એલ.જે પાન નંબર ૧૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તથા નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટ ધ્વારા સદર ચુકાદો આપવામાં આવેલ છે તે તથા નામ. પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ ધ્વારા બલબીરસીંહ વિ. પ્રીસાઈડીંગ ઓફીસર કે જે ચુકાદો ૨૦૧૩ (૨) એલ.એલ.જે. પાન નંબર ૫૭૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તથા નામદાર કર્ણાટક હાઈકોર્ટ ધ્વારા એન.એમ.નાઈક વિ. પ્રીસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, હુબલી કે જે ચુકાદો ૧૯૯૭ (૭૭) એફ. આઈ. આર. પાન નંબર ૯૧૪ ઉપર પ્રસિધ્ધ થયેલો છે અને તેમાં પણ ઔધોગિક તકરારનો ગુણદોષ પર ન્યાય નિર્ણય કરવો જોઈએ તેમ જણાવેલ છે. વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા મોહીતો દાસ વિ. એમ.જી.મેમણ ઓર હીઝ સકસેસર કે જે ચુકાદો ૨૦૦૪ (૨) જી.એલ.આર. પાના નંબર ૫૫૫ ઉપર પ્રસિધ્ધ થયેલ છે અને સદર ચુકાદામાં પણ રેફરન્સનો ગુણદોષ પર જ નિકાલ કરવો તેમ ઠરાવેલ છે અને આ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને ધ્યાન પર લેતાં ન્યાયપંચ ધ્વારા સમાધાન અધિકારીની કાર્યવાહી પણ વંચાણે લેવામાં આવેલ છે અને તે વંચાણે લેતાં પણ રેફરન્સ ગ્રાહય રાખવાને પાત્ર થતો નથી.

વધુમાં, ઉપરોકત તકરાર બીજા પક્ષકાર યુનીયન ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ છે અને તેથી યુનીયનની એ ફરજ થઈ પડે છે કે, ઔધોગિક તકરારની અનુસુચિના અનુસંધાને તેઓની માગણી આ કામે શા માટે ગ્રાહય રાખવાને પાત્ર છે તે પુરવાર કરવું જોઈએ અને જે પુરવાર કરવામાં તેઓ નિષ્ફળ નિવડેલ છે. અને આમ, આ કેસની વિશિષ્ટ પ્રકારની હકીકત અને કાયદાકીય પરિસ્થિતિને ધ્યાન પર લેતાં ન્યાયપંચ ધ્વારા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) બીજા પક્ષકાર યુનીયન સદરહુ રેફરન્સમાં માંગેલ દાદ મેળવવા માટે તેઓ હકકદાર થાય છે તેમ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, રેફરન્સ રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.<br>તા. ૧૭/૭/૨૦૨૧

( ભાગ્યેશ વાસુદેવ ભટ્ટ )<br>ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદ.<br>જજ કોડ: જીજે ૦૦૮૦૧

આરએમપંચાલપીપીએસ